જાહેરાત નં. ૨૦૬
તા. ૨૬/૦૩/૨૦૧૮

# વસંતભાઈ ગજેરા સામેની મુળ સીવીલ મેટરએ ક્રિમીનલ મેટરનું મોટુ સ્વરૂપ ધારણ કર્યુ

★ સુરત મુંબઈ સ્થીત મુળ અમરેલીનાં હિરા ઉદ્યોગનાં દેશનાં અગ્રગણ્ય ઉદ્યોગપતિ વસંતભાઈ ગજેરા સામે હાલમાં જે ફોજદારી કાર્યવાહિ થઈ રહી છે તે મુળતો સીવીલ મેટર છે અને આ મુળ સીવીલ મેટર કાયદાકીય આંટીઘુટીમાં ક્રીમીનલ મેટર બની ગઈ છે અને મુળ સીવીલ મેટરનું જે સ્વરૂપ હતુ તેનાં કરતા અનેક ગણુ મોટુ સ્વરૂપ ક્રીમીનલ મેટર એ ધારણ કરી લીધુ છે.

★ ફરીયાદની વિગત જોઈએ તો મુળ એક જમીન માલીકે પોતાની જમીન એક પાર્ટીને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી દશ વર્ષ બાદ એની એ જમીન એના એ માલીકે બીજી પાર્ટીને વેચાણ દસ્તાવેજથી બીજી વખત વેંચી એટલે કે એકની એક જમીન એકનાં એક માલીકે એક પછી એક વેચાણ દસ્તાવેજથી બે વખત વેંચી બીજી પાર્ટીએ ખરીદેલ જમીન એક વર્ષ બાદ ત્રીજી પાર્ટીને વેંચી અને ત્રીજી ખરીદનાર પાર્ટી એટલે વસંતભાઈ ગજેરા.

★ મુળ માલીકે વેચાણ દસ્તાવેજ સાથે પ્રથમ પાર્ટીને જમીનનો કબજો સોંપ્યો તેજ જમીનનો કબજો દશ વર્ષ બાદ બીજી વખત વેંચી ત્યારે બીજી પાર્ટીને પણ સોંપ્યો અને બીજી પાર્ટીને જે કબજો મળ્યો તે કબજો તેણે ત્રીજી પાર્ટી એટલે કે વસંતભાઈ ને સોંપ્યો એટલે વેચાણનો જેમ વિવાદ ઉભો રહયો તેવો કબજાનો પણ વિવાદ ઉભો રહયો. બન્ને પાર્ટીએ પોત પોતાનાં કબજાને સાચો ઠેરવવા મુળ સીવીલ મેટરમાં કાયદાકીય લડત આપી અને પોત પોતાનાં દાવાને સાચા ઠેરવવા આધાર પુરાવાઓ રજુ કર્યા જે સાંભળી સીવીલ મેટરનો નિકાલ થયો એટલે કે પ્રથમ દસ્તાવેજ માન્ય ઠર્યો અને બીજો દસ્તાવેજ રદ થયો જેવો બીજો રદ થયો એટલે ત્રીજો વસંતભાઈ નો દસ્તાવેજ આપો આપ રદ થયો અને તે રીતે સીવીલ મેટરનો અંત આવ્યો.

★ પરંતુ સાપ ગયોને લીસોટા રહયા એટલે કે સીવીલ મેટરની ચાલુ પ્રક્રિયા દરમીયાન જે આધાર પુરાવા રજુ થયા તે સાચા ખોટા હોવા બાબત ક્રીમીનલ મેટર ઉભી થઈ અને તેણે મુળ સીવીલ મેટરનું જે સ્વરૂપ હતુ તેના કરતા અનેક ગણુ મોટુ સ્વરૂપ સમાચાર માધ્યમ અને સોસીયલ મિડીયામાં ધારણ કર્યુ.

★ ખરેખર તો આ બાબત કાયદાકીય આંટીઘુટીમાં ગુચવાઈ ગઈ છે. સામાન્ય રીતે સીવીલ મેટરની ચાલુ પ્રક્રિયા દરમીયાન સાચા ખોટા પુરાવા રજુ થાય કે વાંધાજનક સોગંદનામા રજુ થાય કે ઉલટ તપાસ દરમીયાન વાંધાજનક પ્રશ્નો પુછાય તેવી બાબત ઉપર સીવીલ મેટરનાં નિકાલ બાદ રેર કેઈસમાં ફોજદારી કાર્યવાહી થતી હોય છે સીવીલ મેટર પતે એટલે લગભગ વાત પતતી હોય છે અને ફોજદારી કાર્યવાહી થાય તો પણ સામાન્ય રીતે કલમ ૨૦૨ અનવ્યે જ્યુડીસીયલ ઈન્કવાઈરી થતી હોય છે એટલે કે કલમ ૧૫૬ (૩) અનવ્યે પોલીસ ઈન્કવાઈરી થતી હોતી નથી. જો કે બન્ને કલમ પૈકી કોઈ પણ કલમ અન્વયેની ઈન્કવાઈરીનાં આદેશ આપવાની કોર્ટને સતા હોય છે. જો કે કોઈ પણ કલમ અનવ્યે ઈન્કવાઈરી થાય પરિણામ પર તેની અસર થતી નથી કારણ કે ફાયનલ નિર્ણય ફોજદારી અદાલત કરવાની હોય છે. પરંતુ કલમ ૧૫૬ (૩) ની પોલીસ ઈન્કવાઈરીની અને કલમ ૨૦૨ અનવ્યેની જ્યુડીશીયલ ઈન્કવાઈરીની લોક માનસ પર જુદી જુદી છાપ પડતી હોય છે.

★ સામાન્ય રીતે આવા કેઈસ બનતા હોય ત્યાં પ્રથમ વેચાણ દસ્તાવેજ વાળાએ કાંઈ કરવાનું રહેતુ નથી. બીજા વેચાણ દસ્તાવેજ વાળાએ જો શુધ્ધબુધ્ધિથી વેચાણ રાખેલ હોય તો જમીન માલીકે તેમની સાથે છેતરપીંડી કરી ગણાય કારણ કે એક વખત વેંચી દિધેલ જમીન વાત છૂપાવી બીજી વખત વેંચી એટલે છેતરપીંડીની કાર્યવાહી કરવાની થાય તો પણ બીજા વેચાણ રાખનારે કરવાની થાય અને તે પણ મુળ જમીન માલીક સામે કરવાની થાય. જે કાર્યવાહી થઈ હોય તેવુ લાગતુ નથી. તેને બદલે પ્રથમ વેચાણ રાખનારે બીજા વેચાણ રાખનાર સામે સીવીલ મેટર કરેલ છે અને સીવીલ મેટર ફેસલ થયા બાદ જે ફોજદારી કાર્યવાહી થઈ છે તે પણ પ્રથમ વેચાણ રાખનાર દ્વારા ત્રીજા વેચાણ રાખનાર વસંતભાઈ ગજેરા સામે થયેલ છે અને તેની ઈન્કવાઈરી પણ કલમ ૨૦૨ ને બદલે કલમ ૧૫૬ (૩) અનવ્યે થતા ચર્ચાનો મુખ્ય મુદ્દો બનીગઈ છે. કાયદાનો વિષય છે – કાયદો કાયદાનું કાર્ય કરશે પરંતુ અમરેલીનાં સોસીયલ મિડીયા યુઝર્સએ આ બાબત સયંમ જાળવવો જોઈએ. વસંતભાઈ અમરેલીનાં છે અમરેલીને ફૂલ નહી તો ફૂલની પાંખડી આપી છે – આપે છે અને આપતા પણ રહેવાનાં છે – તેઓ પરાયા છે તેવુ તેમને ન લાગે તેટલી આપણે સૌ કાળજી લઈએ.

– સ્થાનિક વ્યવસ્થાપક

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત–સંચાલીત ★ સ્થળઃ શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી ★ ફોન. :– ૦૨૭૯૨–૨૩૨૩૨૧ થી ૨૬ ફેકસ : ૨૭

Ad 206

| લોકલ – મોટા છાપા | લોકલ – પત્રીકા |
| --- | --- |
| સે.મી. × કોલમ<br>26 × 3 = 78 સે.મી.<br>અંદરનાં ગમે તે પેઈઝ પર લેવી. | સે.મી. × કોલમ<br>26 × 3 = 78 સે.મી. |
| ૧) અવધ ટાઈમ્સ ______ | ૧) રઘુવંશી ______ |
| ૨) અમરેલી એક્સપ્રેસ ______ | ૨) સરગમ ______ |
| ૩) સંજોગ ન્યુઝ ______ | ૩) પેજર ______ |
| ૪) દિવ્ય પ્રકાશ ______ | ૪) અમર ______ |

મેનેજમેન્ટ વતી

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩) ★ તમામ સ્ટાફરૂમ (૧૮)

★ તમામ ઓફીસ રૂમ (૦૮) ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)